ગુજરાત રાજ્ય વિકલાંગ
નાણા અને વિકાસ નિગમની
રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૫/૨૦૧૭
1 7 MAY 2017

વંચાણે લીધા :

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૬/૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/૧૬-૧૭/૨૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરીનો તા.૬/3/૨૦૧૭નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/૧૬-૧૭/૪૯.

આમુખ:

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના નેશનલ હેન્ડીકેપ ફાયનાન્સ એન્ડ ડેવલેપમેન્ટ કોર્પોરેશન (National Handicapped Finance and Development Corporation), નવી દિલ્હીની રાજ્યના તમામ વર્ગના વિકલાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઈક્રો ફાઈનાન્સ જેવી યોજનાઓ હેઠળ ધિરાણ આપી તેમજ વ્યવસાય તાલીમ આપી પુન:સ્થાપન કરવાની કામગીરી કરી રહેલ છે. રાષ્ટ્રીય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલ ચેનેલાઈજીંગ એજન્સી મારફતે લાભાર્થીઓને નાણાકીય સહાય પુરી પાડે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ નં.અપગ/૧૦૨૦૦૨/૩૫૯/છ, તા.૬/૧૧/૨૦૦૬ થી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરને ઉક્ત કામગીરી માટે ચેનેલાઈજીંગ એજન્સી તરીકે નક્કી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ રાજ્યમાં અંદાજીત ૧૦.૯૨ લાખ જેટલા વિકલાંગ વ્યક્તિઓ છે તથા સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના એબીલીટી ગુજરાત સોફ્ટવેર મુજબ ૧૧.૭૯ લાખ વિકલાંગ વ્યક્તિઓ નોંધાયેલ છે. આવા

તમામ વિકલાંગ વ્યક્તિઓને રાષ્ટ્રીય વિકલાંગ નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હીની યોજનાઓ જેવી કે, મુદતી ધિરાણ યોજના (સેવા અને વેપારના ક્ષેત્રમાં નાના વ્યવસાયો માટે ધિરાણ, ખેતી વિષયક ધિરાણ, વ્યવાસાયિક હેતુ માટે વાહન ખરીદી અર્થે ધિરાણ, મંદબુધ્ધિતા, સી.પી. તથા ઓટીઝમ ધરાવતા વિકલાંગ વ્યક્તિઓને સ્વરોજગારી આપવાની યોજના, નાના ઉદ્યોગ માટે ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ યોજના, માઈક્રો ક્રેડીટ યોજના, વ્યવસાયિક તાલીમ યોજનાની કામગીરી કરવાની રહેતી હોય છે. ઉક્ત બાબતે જો રાજ્ય વિકલાંગ નાણા અને વિકાસ નિગમની રચના કરવામાં આવે તો વિકલાંગ વ્યક્તિઓનું ખરા અર્થમાં પુનઃસ્થાપન થઈ શકે તેમ છે. જેના માટે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણ હેઠળના ક્રમાંકઃ(૧)ના તા.૬/૨/૨૦૧૭ના પત્રથી નવી બાબત રજૂ કરવામાં આવેલ તથા વંચાણ હેઠળના ક્રમાંકઃ(૨)ના તા.૬/૩/૨૦૧૭ના પત્રથી વહીવટી મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય વિકલાંગ નાણા અને વિકાસ નિગમની રચના કરવા માટે નીચે જણાવ્યા મુજબની વિવિધ સંવર્ગની જગ્યાઓનું મહેકમ ઊભું કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| (૧) | મેનેજીંગ ડીરેક્ટર | વર્ગ-૧ | ૦૧ | રૂ.૧૫,૬૦૦-૩૯,૧૦૦<br>ગ્રેડ પે રૂ.૭,૬૦૦ |
| (૨) | સમાજ સુરક્ષા અધિકારી | વર્ગ-૨ | ૦૧ | રૂ.૯,૩૦૦-૩૪,૮૦૦<br>ગ્રેડ પે રૂ.૪,૬૦૦ |
| (૩) | હિસાબી અધિકારી | વર્ગ-૨ | ૦૧ | રૂ.૯,૩૦૦-૩૪,૮૦૦<br>ગ્રેડ પે રૂ.૪,૬૦૦ |
| (૪) | સિનિયર ક્લાર્ક | વર્ગ-૩ | ૦૧ | રૂ.૫,૨૦૦-૨૦,૨૦૦<br>ગ્રેડ પે રૂ.૨,૪૦૦ |

એક ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવા આઉટ્સોર્સથી લેવા માટે માંગણી ક્રમાંકઃ ૯૨(પ્લાન) મુ.સ. ૨૨૩૫-૦૨-૧૦૧-૦૧, બજેટ બુક નં.૨૪-૧ના પાના નં.૧૪૩ હેઠળ સૂચવેલ બજેટ સદર હેઠળ કુલ રૂ.૫૦.૦૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને અધીન ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતોઃ</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે. જ્યાં સુધી નિગમના ભરતી નિયમો આખરી ન થાય ત્યાં સુધી આ જગ્યાઓ પ્રતિનિયુક્તિના ધોરણે ભરવાની રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પયુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૧) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

-4-

(૧૨) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, બ્લોક નં.૧૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતઃ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, અ.૧ / છ / બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર........... વિભાગની વેબસાઇટમાં છ-૧ શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ.